Saturday
24.12.2023
વિકાસથી વિકાસ યાત્રા
✳Volume :8 ✳ Issue No.151
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office :A-3, Plot No. R-13, Tanishq Complex, New Green city, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ભારતના ૫૧ શક્તિપીઠોમાંથી એક એવા હરીયાણામાં આવેલ માં ભદ્રકાલી (દેવીકૂપ) શક્તિપીઠ, ઝાંસારોડ, હરીયાણામાં માનનીય ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહ અને તેમના ધર્મપત્નીએ મુલાકાત લઈ દર્શન અને અર્ચન કર્યા.

કમલમ્ ન્યુઝ,

ભગવાન શ્રીકૃષ્ણની પરંપરા નીભાવવા માટે હરીયાણાના એક માત્ર શક્તિપીઠ શ્રી દેવીકૂપ ભદ્ર કાલી મંદિર, ઝાંસા રોડ, હરીયાણા મુકામે માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમીતભાઈશાહ અને તેમના ધર્મપત્ની સોનલબેન શાહે વૈદીક મંત્રોચ્ચાર અને પુષ્પ દ્વારા માતાજીનું પૂજન કરાવવામાં આવ્યું. જેવીરીતે મહાભારતના યુદ્ધ પૂર્વે પાંડવોએ આશક્તિપીઠમાં સૌપ્રથમ પૂજન-અર્ચન કરેલહતું તેજ પરંપરા નીભાવવામાટે આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવમાં હાજરી આપવા અને દર્શન-અર્ચન કરવા માટે મંદિરે પહોચ્યા. ભવ્ય રૂપ માં સજ્જ શક્તિપીઠ માં સૌપ્રથમ મંદિરના પીઠાધ્યક્ષ શ્રી સત્પાલ શર્મા દ્વારા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાંઆવ્યું. ત્યારબાદ ગીતા જયંતીના શુભ અવસરે આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવમાં હાજરીઆપવા અને દર્શન-અર્ચન કરવા માટે મંદિરે પહોચ્યા. ભવ્ય રૂપ માં સજ્જ શક્તિપીઠ માં સૌપ્રથમ મંદિરના પીઠાધ્યક્ષ શ્રી સત્પાલ શર્મા દ્વારા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાંઆવ્યું. ત્યારબાદ ગૃહમંત્રીશ્રી અમીતભાઈશાહ અને તેમના ધર્મપત્નીએમાતાજીનું પૂજન-અર્ચન કર્યું. વર્તમાન સમયમાં રાજનીતીનો ચાણક્ય ગણાતાં શ્રી અમીતભાઈ વર્તમાન સમય માં રાજનીતીના ચાયક ગણાતાં શ્રી અમીતભાઈ શાહે ત્રણ રાજયોની ચૂંટણીમાંથયેલ ભવ્ય વીજય બાદ મહોત્સવમાં હાજર રહી માનનીય ગૃહમંત્રીશ્રી અમીતભાઈશાહ અને તેમના ધર્મપત્નીએમાતાજીનું પૂજન-અર્ચન કર્યું. વર્તમાન સમયમાં રાજનીતીનો ચાણક્ય ગણાતાં શ્રી અમીતભાઈ વર્તમાન સમય માં રાજનીતીના ચાયક ગણાતાં શ્રી અમીતભાઈ શાહે ત્રણ રાજયોની ચૂંટણીમાંથયેલ ભવ્ય વીજય બાદ વિશેષ પૂજા કરવા પધાર્યા અને તેમણે અહીં ચાંદીના ઘોડા (અશ્વ) અર્પણ કર્યા. મંદિરના પીઠાધ્યક્ષ શ્રી અને તેમના ધર્મપત્ની (મંદીરના મુખ્ય પુજારી) દ્વારા માતાની શક્તિ ત્રિશુલ, લાલ શક્તિ ચૂંદડી અને ચાંદીના મુકુટ તેમજ પુષ્પમાળા અને આશીર્વાદ થી સન્માન કરવામાં આવ્યું. મંદિરના પીઠાધ્યક્ષશ્રી દ્વારા શ્રી અમીતભાઈ શાહના ઘરમાં પૂજન કરવામાટે ભદ્રકાલી માતાજી નાસિદ્ધ અષ્ટધાતુ અષ્ટભુજા સ્વરૂપ આપ્યા. માનનીય ગૃહમંત્રીની સાથે વિશિષ્ટ ગણમાન્ય મહાનુભાવો જેમ કે, હરીયાણા રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી મનોહરલાલખટ્ટર, માનનીય મંત્રી શ્રી સંદીપ સિંહ અને જિલ્લાના વિધાયક શ્રી સુભાષભાઈ સુધા પણ માતાજીનાદર્શન કરવામાટે આવી પહોંચ્યા. મંદિરના મુખ્ય પીઠાધ્યક્ષશ્રી દ્વારા માનનીય મંત્રી શ્રી અમીતભાઈ શાહ અને અન્ય મહાનુભાવોએ પોડ?પશોપચાર મંત્રો દ્વારા તેમજ માતાજીના પ્રિય પુષ્પ કમળ તેમજ અન્ય પૂજા સામગ્રી દ્વારા પુજન-અર્ચન કરાવ્યું. વિશેષમાં શ્રી અમીતભાઈ શાહ પંચદીપ આરતી દ્વારા માતાજીની અર્ચના કરી. તેમજશ્રીઅમીતભાઈ શાહે કંકક શ્લોકા પંડિતનું શક્તિ ચૂંદડી અને તીલક કરીપુજન કર્યું. માનનીય ગૃહમંત્રીએ પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું, ભદ્ર કાલી માતાજી મારા આરાધ્ય છે અને હું અહીંયા માતાજીના આશીર્વાદ લેવા આવ્યો છું. વધુમાં તેમણે કહ્યું, મે માતૃ શક્તિ સ્વરૂપ માં ભદ્ર કાલી માતાજીના ચરણોમાં માતૃભૂમિ ભારત દેશની રક્ષા, વિકાસ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી છે. માતાજી મને માતૃ સેવા કરવાનું સૌભાગ્ય આપતાવી હું કામના કરું છું. શ્રી અમીતભાઈ શાહના ધર્મ પત્ની સોનલબેન શાહે કહ્યું, માં ભદ્રકાલીના દરબારમાંતેમને દરેક વખતેઅત્યંત ધર્મિકતાનો અનુભવ થાય છે. વિશેષમાંતેમણે કહ્યું જેવી રીતે માં ભદ્રકાલી તેમની મનોકામના પૂર્ણ કરતાં આવ્યા છે તેવી જ રીતેમાતાજી આખા દેશના તમામ ભારતવાસીયોની મનોકામ ના પૂર્ણ કરે અને આખા દેશને ખુશહાલ રાખે. માનનીય ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહે મંદિરની વ્યવસ્થા અને મંદિરના ધાર્મિક માહોલની અત્યંત પ્રશંસા કરી મંદિરના પીઠાધ્યક્ષ શ્રી સત્પાલ શર્માજીનું ખૂબ જ ધન્યવાદ અર્પ્યા. આ શુભ પ્રસંગે શ્રીમતી શીમલા દેવી, શ્રી સ્નેહીલ શર્મા, શ્રીમતી મીનાજોશી, શ્રીમતીશ્રીમતી સીમા કોશલ, ડાં શ્રી અનુ પોલ શર્મા, શ્રીમતી નિકુંજ શર્મા, ડાં. શ્રી સુનીલકુમાર, શ્રી નરેન્દ્ર વાલિયા, શ્રી પ્રમોદ વાલિયા, શ્રી હેમરાજ શર્મા, શ્રી ધર્મપાલ ગોયલ, શ્રી એમ. કે. મોદગીલ, શ્રી રાજેશ શાંડિલ્ય, શ્રી સુનીલ શર્મા, શ્રી સુનીલ જોશી, શ્રી સંજીવ મિત્તલ, શ્રી દેવેન્દ્ર ગર્ગ, શ્રીવિકાસ બંસલ, શ્રી મુનીષ, શ્રી નરેન્દ્ર કુમાર, શ્રી રામપાલલાઠર, શ્રીદીનેશ કંસલ, શ્રી ગગન ગુપ્તા, શ્રીપંકજ ગોયલ, શ્રી જીવન મોદગીલ, શ્રી સંજય ગોયલ, શ્રીહિમંશુ ઠાકર, શ્રીઋષિ તોમર, શ્રી અભિષેકકુમાર, શ્રી આશીષ દીક્ષિત, શ્રી અનિલ પંડિત વગેરે સેવકોએ હાજર રહી વિશેષ માતાજીની ભક્તિ અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ડાંગ જિલ્લાને નાતાલની ભેટ આપતી રાજ્ય સરકાર

માર્ગ અને મકાન વિભાગના કુલ રૂપિયા ૪ હજાર ૧૩૫ લાખના ત્રણ વિકાસ કાર્યોનું કરાયું ખાતમુહૂર્ત

પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતીના હસ્તે ડાંગ જિલ્લાના ત્રણ પ્રકલ્પોનું ખાતમુહર્ત કરાયું

કમલમ્ ન્યુઝ,આહવા

રાજ્યના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, તેમજ ગુજરાત વિધાનસભાનાયબ દંડક શ્રી વિજય ભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ડાંગ જિલ્લાના આહવા અને વઘઈ ખાતે નિર્માણ થનાર વિવિધ વિકાસ પ્રકલ્પના "ખાતમુહુર્ત" કાર્યક્રમ વઘઈ સરકારી ખેતીવાડી શાળા ખાતે યોજાઈ ગયો. ડાંગ જિલ્લાના વિવિધ પ્રકલ્પોના ખાતમુહર્ત પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યુ હતું કે, ભ્રષ્ટાચારમુકત પારદર્શી વહીવટ સાથે કામગીરી પુણ કરવામા આવે તે ઈચ્છનીય છે. દેશના ઉપપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" થકી દેશના છેવાડાના માનવીનો આર્થિક અને સામાજિક વિકાસકરીરહ્યાછે.મંત્રીશ્રીએ સ્વયં રહેજંટલી વિકસિતભારત સંકલ્પ યાત્રામા ભાગ લઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભાન્વિત કર્યા હતા. ડ્રેન્જ અને રાજ્ય સરકાર ડાંગ જિલ્લાના પ્રજાજનો ઉપર ખુબ જ ઉદારતા દાખવી છે. ડાંગ જિલ્લામા વિવિધ ત્રણ પ્રકલ્પોના પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા તે બદલ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે મંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યોહતો આવાર સમયમાં ડાંગ જિલ્લાના તમામ વિસ્તારમા વિવિધ રસ્તાઓનું ખાતમુહર્ત કરાશે તેમ શ્રી પટેલે વધુમાંજણાવ્યું હતુ. ડાંગ જિલ્લામાં પાણીની સમસ્યા હલ કરવા માટે સરકારશ્રીએ ૮૬૬ કરોડરૂપિયાની યોજનામંજુર કરીછે. તેમંપણ શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું. દેશનાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડાંગ જિલ્લાને ચોવીસકલાક વીજળીપુરૂ પાડવાનું કાર્ય કર્યું છે. ડાંગ જેવા દુર્ગમ વિસ્તારમા નેટવર્ક સમસ્યા હલ કરવાસરકાર સતતપ્રયત્નશીલ છે. ડાંગ જિલ્લામા ૫૦ જેટલા નવા બી.એસ.એન.એલ.નાટાવર ઉભા કરાયા છે. તેમજ વઘઈ થી નાસિક રેલ્વે લાઈન નાં સર્વે પણ પુણ કરવામાં આવ્યો છે તેમ, વલસાડ ડાંગના સાંસદ શ્રી કે.સી. પટેલે જણાવ્યું હતું. દેશનાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ડાંગ જિલ્લા વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. તેમ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નિર્મળાબેન ગાઈને જણાવી, ડાંગજિલ્લાને ત્રણ પ્રકલપની ભેટ આપવા બદલ સરકારશ્રીનો આભાર વ્યકત કર્યો હતો. ડાંગ જિલ્લો વિવિધ ક્ષેત્રે પ્રગતિના પંથેઆગળ વધીરહ્યો છે, તેમ જિલ્લાકલેક્ટર શ્રીમહેશ પટેલે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈથી મુખ્ય જિલ્લા વહીવટી મથકને જોડતા વઘઈ-આહવા માર્ગનું રૂ.૨૫૧૦ લાખના ખર્ચે નવિનિકરણ હાથ ધરાશે. છેલ્લા કેટલાક સમયથી બિસ્માર બનેલા આ માર્ગના નવિનિકરણથી રાહિદા વાહનચાલકો તથા પ્રવાસીઓને ઘણી મોટી રાહત થશે. આ ઉપરાંત આજ માર્ગ ઉપર આવેલા કુડકસ ગામે રૂ.૧૦૦૫ લાખના ખર્ચે નવીન પુલનું પણ નિર્માણ કરાશે. જે આ માર્ગના યાતાયાતને વધુ સરળ બનાવશે. માર્ગ અને પુલ ઉપરાંત આહવા ખાતે રૂ.૬૦૦ લાખના ખર્ચે નવા 'આદિવાસી સંસ્કૃતિક ભવન' નું પણ નિર્માણ કરાશે. આ તમામ કાર્યોનું આજે ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ સહિત તના મહાનુભાવોએ ખાતમુહુર્તકર્યુ હતું. આમ, નાતાલ પૂર્વે ડાંગ જિલ્લાને રાજ્ય સરકાર માર્ગ મકાન વિભાગના કુલ રૂપિયા ૪ હજાર ૧૩૫ લાખના નવા ત્રણ પ્રકલ્પોની ભેટ આપી છે. કાર્યક્રમ દરમિયાન ઉદ્ઘોષક તરીકે શ્રી વિજ યભાઈ ખાંબુએ સેવા આપી હતી. આ પ્રસંગે આહવા તાલુકા પંચાયત પ્રમુખશ્રી સુરેશભાઈચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત, માજી જિલ્લા પંચાય ત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, તાલુકા સદસ્ય શ્રી પાઉલ ગામિત, ડાંગ જિલ્લાભાજપા પાટી પ્રમુખ શ્રી કિશોર ભાઈ ગાવિત, ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઈ ગામિત, શ્રી દિનેશભાઈ ભોયે, શ્રી હરિર ામભાઈ સાંવત, વાસુણા રાજવી શ્રી ધનરાજભાઈ સૂર્યવંશી, નાયબ વનસંરક્ષક શ્રીરવિપ્રસાદ, પ્રાંત અધિકારી શ્રી પ્રિતેશ પટેલ, કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર.પટેલ, આદિજાતિ વિકાસ વિભાગના અધિકારી શ્રી આર.કે. કનુજા, વઘઈ મામલતદાર શ્રી આર. એમ. ચૌધરી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજ તાલુકાના ટીંબા ગામે શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસુરીયાએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કર્યું

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયુ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોચે તવા આશયથી સુરતજિલ્લાના ક્રમરેજ તાલુકાના ટીંબા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોચ્યો હતો. જયા શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસુરીયાએ જયાં સંકલ્પયાત્રાના રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, એક ભારત શ્રેષ્ઠ ભારત તના નારા સાથે કાશ્મીર થી લઈને કન્યાકુમારી સુધી જનજન સુધીયોજનાઓના લાભોમળી રહે તે માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામડે ગામડે અને શહેરોમાંફરીરહ્યો છે. ભારત દેશને ૨૦૪૭માં વિકસિત ભારત બનાવામાટે દરેકનસંકલ્પલઈને કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની પોષણ અભિયાન, પી.એમ.જે.વાય, સખી મંડળ, ખેતીવાડીવિભાગ, આરોગ્ય વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આપ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી રેખાબેન પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી ભારતીબેન રાઠોડ, તાલુકા પંચાયતના સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રીમનિષુપ્પાધ્યન પરમાર, , તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી તેજલ બેન મિસ્ત્રી , શાસક પક્ષના નેતા રમેશભાઈ સિંગાળા, ગામના સરપંચ શ્રી શીલાબેન રાઠોડ, ઉપસરપંચ શ્રી , વેટરનરી અધિકારીશ્રી , તાલુકા વિકાસ અધિકારીશ્રી સચીન ભાઈજીપટેલ તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર, આરોગ્ય સ્ટાફ તેમજ અન્ય વિભાગના અધિકારી, કર્મચારી ગણ, ગ્રામજનો, લાભાર્થીઓહાજર રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન તથા જિલ્લાકલેકટરશ્રી પ્રભવજોશીના સુચન હેઠળ જિલ્લા મહિલાઅનેબાળઅધિકારીની કચેરીદ્વારાસમરસ ગર્લ્સહોસ્ટેલ રાજકોટ ખાતે''સાઈબર ક્રાઈમઅને સાઈબર સેફટી'' અંગેઆયોજીત સેમીનાર યોજાયો હતો.જેનું મહાનુભાવોદ્વારા દીપપ્રાગટ્ય કરીશુભારંભ કરાયો હતો.સાઈબર ક્રાઈમ પોલીસસ્ટેશનના એ.સી.પીશ્રી રબારીએઆ પ્રસંગે કહ્યું હતુંકે, કોઈપણ વ્યક્તિને ક્યારેય પણ ઓ.ટી.પી. ન આપવા, કોઈ પણ અજાણી લીંક પર ક્યારેય પણ ક્લિક ન કરવુ તેમજ સોશિયલ મીડિયાને હંમેશાદ્વિપક્ષીય અધિકૃતરાખવું હિતાવહ છે. આમછતાં પણ તમારી આસપાસક્યારેય કોઈ જો આવા સાઈબર ફ્રોડનો ભોગબને તો તાત્કાલિક ધોરણે ૧૯૩૦ હેલ્પલાઈન પર પોતાની ફરિયાદ નોંધાવવા અથવા નજીકના સાઈબર ક્રાઈમ પોલીસસ્ટેશનનો સંપર્ક સાધવા અનુરોધ કર્યો હતો. સાઈબર ક્રાઈમ અંગેની ફરિયાદ કરવામાં ક્યારેય પણ મોડું કરવું નહીં. જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી અવનીબેન દવેએ કહ્યું કે, આજના ડિજીટલ યુગમાં દરેક મહિલાઓ અને દીકરીઓ પાસે સાઈબર ફ્રોડ અને સાયબર સેફટી કેવી રીતે થાય અને તેનાથી બચવાની પુરતી માહિતી હોવી જોઈએ. શ્રી દવેએ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. સાઈબર ફ્રોડ અને સાયબર સેફટી વિશે વિદ્યાર્થિનીઓએ પુછેલા સવાલોના એ.સી.પી શ્રી તથા તેની ટીમના સભ્યોએ જવાબ આપ્યા હતા. દહેજ પ્રતિબંધક અધિકારી અધિકારીશ્રી સોનલબેન રાઠોડે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

કમલમ્ ન્યુઝ,ડેવિડ પટેલ.

હારીજ તાલુકાના વેજાવડા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉપસ્થિત રહેવાનું થયું ગલુજીભાઇ ઠાકોર ચાણસ્મા વિધાનસભાના વિસ્તારક હાર્દિકભાઈ પરમાર શિવરાજભાઇ દેસાઇ પ્રવીણભાઇ યોગી પૂર્વ સરપંચ કાળાભાઈ દેસાઈ ભરમારજી ઠાકોર અને સૌ કર્મયોગી મિત્રો મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.માનસિંહ ચૌધરી દૂધ સાગર ડેરી મહેસાણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના શહેરોને વર્લ્ડ કલાસ સુવિધાઓ સાથે મોસ્ટ લિવેબલ બનાવવાની નેમ વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

વડોદરા શહેરને રૂ. ૭૨૨ કરોડના વિકાસ પ્રકલ્પોની સોગાદ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

- **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શહેરી વિકાસનો જે પાયો નાખ્યો છે, તેના ઉપર ગુજરાત તેજ ગતિથી પ્રગતિ કરી રહ્યું છે**
- **શહેરોમાં આધુનિક સુવિધા આપી સ્માર્ટ, સસ્ટેનેબલ, લીવેબલ માળખાકીય સુવિધાઓ આપી ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ કરી છે**
- **વિકસિત ભારતના નિર્માણમાં શહેરી વિકાસ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહેશે**

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના શહેરોને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સાથે મોસ્ટ લિવેબલ બનાવવાની નેમ વ્યક્ત કરી છે. વડોદરા શહેરને રૂ.૭૨૨ કરોડના વિકાસ કામોની સોગાદ આપતા તેમણે જણાવ્યું હતું કે,વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શહેરી વિકાસનો જે પાયો નાખ્યો છે, તેના ઉપર ગુજરાત તેજ ગતિથી પ્રગતિ કરી રહ્યુંછે. રાજ્યમાંજ્યાં માનવી, ત્યાંસુવિધાઓ આપવામાંઆવી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શહેરોને માત્ર પ્રાથમિક સુવિધાના વિકાસ કામો પૂરતા સીમિત ન રહેવા દેતાં ગુજરાતમાં સ્માર્ટ, સસ્ટેનેબલ, લીવેબલ માળખાકીય સુવિધાઓ આપી ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવામાં આવ્યો છે. દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાંવિકસિત બનાવવા વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાત માટે શહેરોને સ્માર્ટ, સસ્ટેનેબલ અને લિવેબલ શહેરો સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહેશે, તેવોવિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા મહાનગરપાલિકા દ્વારા રૂ. ૫૪૦ના ખર્ચે નિર્માણ થયેલા ૧૮ વિકાસકામોના લોકાર્પણ તેમજ રૂ. ૧૮૨ કરોડના ખર્ચેનિર્માણ થનારા ૫૦ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત સહિત કુલ રૂ. ૭૨૨ કરોડના જનસુવિધા અને જનસુખાકારીના ૬૮ પ્રકલ્પોની ભેટ શહેરીજનોને આપી હતી. ઘનકચરાના એકત્રીકરણ માટેના વાહનોને પણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યાહતા. વિકાસની ગતિ શું હોય, પ્રગતિ શું હોય તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અનેદુનિયાને બતાવ્યું છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સુરતમાં ડાયમંડ બુર્સ અને આંતરાષ્ટ્રીય ટર્મિનલ તેના ઉદાહરણો છે. વડાપ્રધાનશ્રીએ સ્થાપિત કરેલ માપદંડોની પરિપાટીએસરકાર કામકરી રહી છે.મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે,રાજ્ય સરકારનું એક પણ અઠવાડિયું એવું નહીં હોય કે જેમાં વિકાસકામોના લોકાર્પણ ખાતમુહૂર્ત કરવામાં ન આવ્યા હોય.અમે જે કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરીએ છીએ, તેનું ઉદ્ઘાટન પણ અમે જ કરીએ છીએ તેવી કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે. ભૂતકાળમાં તો વિકાસ કામોના ખાતમુહૂર્ત થવા બાદ દાયકાઓ સુધી પૂરા થતા નહોતા. ગમે તેમ કરીવિકાસ કામોઅટકાવી, લટકાવી અને રવાડે ચઢાવી દેવામાં આવતા હતા.

ગુજરાત રોજગારી સર્જન અને ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે, તેનું ચાલકબળ વાયબ્રન્ટ ગુજરાત છે, તેમ જણાવતાંતેમણે કહ્યુંકે, હાલના વડાપ્રધાનશ્રીએ શરૂકરેલી વાયબ્રન્ટ ગુજરાતની શ્રુંખલાને કારણે ગુજરાત રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય બન્યું છે. વડોદરા શહેરને છેલ્લા છ માસના ટૂંકા સમયગાળામાં રૂ. ૧૦૭૨ કરોડના વિકાસકામોની ભેટ મળી છે, તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી અને જણાવ્યું કે, આ વડાપ્રધાનશ્રીની વિકાસની રાજનીતિની ગેરેન્ટીછે, વડોદરાને વિકાસની ભૂખ છે, હવે આ કામો ગુણવત્તાયુક્ત થાય એની તકેદારી રાખવી પડશે, તેમપણ તેમણે કહ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથીઆપણે આગામી તા. ૨૫, ડિસેમ્બરનારોજ ભારત રત્ન અને પૂર્વ વડાપ્રધાન શ્રદ્ધેય અટલ બિહારીબાજપેયીના જન્મ દિવસને સુશાસન દિવસ તરીકે ઉજવીએ છીએ. ભારતભરના શહેરો સ્માર્ટ, ગ્રિન અને મોર્ડન સિટી બનવાઆગેકૂચ કરીરહ્યાછે. આપણે રાજ્યમાંઆયોજનબદ્ધ રીતે શહેરી વિકાસકરી મોસ્ટ લિવેબલ સિટી બનાવી રહ્યા છીએ. તે સુશાસન દર્શાવે છે. ઈ-ચાર્જીંગ સ્ટેશન બાબતેશ્રી પટેલેજણાવ્યું કે, વડોદરા શહેરે વડાપ્રધાન શ્રીના ઈમોબિલીટીના સંકલ્પને સાકાર કર્યો છે. મેયર શ્રીમતી પિંકીબેન સોનીએ જણાવ્યું કે, ડબલ એંજીનની સરકારમાં ગુજરાત રાજ્ય વિકાસના પંથેઆગવું સ્થાન પ્રાપ્ત કરી મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યુંછે. એક સમયે વાપીથી વડોદરા સુધીના માર્ગમાં ધુમાડા કાઢતા વાહનો અને રસ્તા બિસ્માર હતા, આજે તેની સામે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનના કારણે થયેલો વિકાસ ઉડીને આંખે વળગે છે, તેમણે વડોદરામાં આજે લોકર્પિત અને ખાતમુહૂર્ત થયેલાકામોથી વિકાસને નવો વેગ મળશે, તેની ભૂમિકા તેમણે આપી હતી. સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટેપ્રાસંગિક પ્રવચનમાં વડોદરાને મળેલા વિકાસ કામોના કારણે નાગરિકોની સુવિધામાં વધારો થશે, તેમ જણાવ્યુંહતું. આ વેળાએ વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, મનિષબેન વકીલ, કેતનભાઈ ઈનામદાર, શૈલેષભાઈ મહેતા, કેયુરભાઈ રોકડિયા, ચૈતન્યભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અગ્રણીઓ, પદાધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણા, કલેક્ટર શ્રી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, નગરસેવકોસહિત સખી મંડળની મહિલાઓ અને નગરજનો ઉપસ્થિતરહ્યા હતા.

લાલપુરમાં બાર એસોસિએશનના બીજી વખત પ્રમુખ બનતા રોહિત કરંગીયા

કમલમ્ ન્યુઝ,જામનગર,

જામનગર જિલ્લાના લાલપુરમાં બાર એસોસિએશનની ચુંટણી યોજાઈ હતી જેમાં સિનિયર વકીલોને માતઆપીને યુવાએડવોકેટ રોહિત કરંગીયા વિજય બન્યા હતા. એકવાર ફરી તેમને બીજી વખત પ્રમુખની જવાબદારીસોંપવામાં આવીહતી. આઉપરાંત ઉપપ્રમુખ જાહિદ જીવરાણી, સેક્રેટરીજી.જી ધવલ, ખજાનચી એ. પી આયડીને જવાબદારી સોંપવામાં આવી હતી. યુવા વકીલ રોહિતભાઈ ને લોકો તરફથી શુભેચ્છાઓ આપવામાં આવી હતી

ડાંગની મહાલ કેમ્પ સાઈટ ખાતે ફોરેસ્ટ પ્રોટેક્શન પ્લાન રીવ્યુ અંગે વર્કશોપ યોજાયો

ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી દિનેશ રબારીની અધ્યક્ષતામા વનકર્મીઓનો વર્કશોપ યોજાયો

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ઉત્તર ડાંગ વન વિભાગ, આહવા દ્વારા મહાલ સ્થિત કેમ્પ સાઈટ ખાતેનાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીની અધ્યક્ષતામાં, ફોરેસ્ટપ્રોટેકશન પ્લાનરીવ્યુ અંગે એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં, ઉત્તર ડાંગ વન વિભાગ હસ્તકની તમામ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીશ્રીઓ, રાઉન્ડફોરેસ્ટર અનેબિટગાર્ડ એમ ક્ષેત્રીય સ્ટાફ તથા વિભાગિય કચેરીના તમામ સ્ટાફ હાજરી આપીહતી. નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી દ્વારા તમામ ક્ષેત્રીય સ્ટાફને ખૂબ જ ઝીણવટ ભર્યુ માર્ગદર્શન આપ્યું હતુ. જેમાં ફોરેસ્ટ પ્રોટેકશનના સમાવિષ્ટ વિવિધ પાસાઓ જેવા કે, ફલોરા અને ફોનાનું સંરક્ષણ અને સંવર્ધન તથા તેમાં લોક ભાગીદારી અને સહકારથી સંરક્ષણ અને સંવર્ધનમાં સતતવૃદ્ધિ થાયતે બાબત પર ભાર મૂક્યો હતો. ક્ષેત્રીય સ્ટાફ તેમના હસ્તકનારિઝર્વ ફોરેસ્ટ અને પ્રોટેક્ટ ફોરેસ્ટ વિસ્તારની હદથી સુપેરે પરિચિત રહે તથા, બિનઅધિકૃત દબાણ રોકવા ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત છે, તેમ જણાવીજંગલ જમીન સંરક્ષણ પર ભારમૂક્યોહતો. ગેરકાયદેસર વૃક્ષ કપાણ, વન્યજીવ શિકારના નિયંત્રણ માટે વ્યૂહાત્મક સ્થળોએ પ્રોટેકશન ચોકી તથાએન્ટી પોચિંગ કેમ્પના નિર્માણ કરવા પર ધ્યાન દોર્યું હતું. ક્ષેત્રિય સ્ટાફના સતત ફેરણા અનેપેટ્રોલિંગના વ્યુહાત્મક આયોજન કરવા અંગેસૂચન આપ્યું

વનકર્મીઓને ટેક્નોલોજીના ઉપયોગથી ડોક્યુમેન્ટેશનની કામગીરી કરવા સુચન કરાયુ

હતું. દવથી થતા નુકસાનને રોકવા માટે વોચ ટાવરનું નિર્માણ તથા રેપિડ એકશન ફાયર ટાસ્ક ટીમ રચવાપર ભાર મૂક્યો હતો. વધુમા વન કર્મીઓને ટેકનોલોજીના ઉપયોગ થી ડોક્યુમેન્ટેશનની કામગીરી કરવા પણ સુચન કર્યુ હતુ. આ વર્કશોપમાં ઉત્તર વન વિભાગની તમામ રેંજના આર.એફ.ઓશ્રીઓદ્વારા તેઓના રેંજ કાર્ય વિસ્તારમાં ફોરેસ્ટ પ્રોટેકશન પ્લાન અન્વયે કરવામાં આવતી વિવિધ કામગીરી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી વિસ્તારપૂર્વક માહિતી પૂરી પાડી હતી. આ ફોરેસ્ટપ્રોટેકશન પ્લાન અંગેના એક દિવસીય વર્કશોપમાં તમામ ક્ષેત્રીય સ્ટાફ અને નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીએ પરસ્પર દ્વિપક્ષીય સંવાદથી વિવિધ પાસાઓ પર પોતાના વિચારોરજૂ કર્યાહતા, અને તેઅન્વયે કામગીરીકરવાનો નિર્ધાર કર્યો હતો. સાથે સાથે આગામી સમયમાં અન્ય વિષયો પર પણ આવાએક દિવસીય સંવાદ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામા આવ્યુ હતુ.

રૂા. ૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા છીરી પ્રાથમિક શાળાના નવા મકાનને લોકાર્પણ કરતાં રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

વાપી તાલુકાના છીરી પ્રાથમિક શાળાના નવા મકાનનું આજે રાજયના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ લોકાર્પણ કર્યુ હતુ. આ અવસરે વાપીનોટીફાઈડના ચેરમેન હેંમતભાઈ પટેલ અને વાપી વી.આઈ. એ. ના માજી પ્રમુખ સતીષ પટેલ હાજર રહયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, તત્કાલીન ગુજરાતના મુખ્ય મંત્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ અને બાળકોના ૧૦૦ ટકા નામાંકનની જે શરૂઆત કરી હતી તેઓ મુખ્ય ઉદ્દેશ એ હતો કે, દેશના સારા નાગરિકો પેદા થાય અને શિક્ષણનું મહત્વ લોકોને સમજાય. આજે આશાળામાં મારા મતે જિલ્લાના સૌથી વધુ ધો. ૧ થી ૬ ના ૬૦૦ બાળકો આ શાળામાં ભણી રહયા છે. મંત્રીશ્રીએ છીરી ગામના સૌ નાગરિકોને ગામની સ્વચ્છતાપર ભાર મૂકી શાળાને પણ સ્વચ્છ રાખવામાટે ટકોરકરી હતી. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાઅભિયાન દ્વારા દેશના નાગરિકોમાંસ્વચ્છતા પ્રત્યે જાગૃત કર્યાહતા. પ્રવેશોત્સવ હોય કે અન્ય કોઈપણ પ્રસંગમાં મેં શાળાની મુલાકાતલીધી હતી ત્યારે શાળાના મકાનની જરૂરિયાત જણાતા આ શાળાના નવા મકાન બનવવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે જિલ્લા વહીવટીતંત્રને જણાવ્યુ હતુ. આ શાળાનું મકાન માટે બાયર કંપનીએ તેમના સી. એસ. આર. ફંડમાંથીરૂા. ૮૨.૮૦ લાખઅને સરકારશ્રીનીરૂા. ૧.૨૦ કરોડની ગ્રાન્ટ મળી કુલે રૂા. બે કરોડમાં આ પ્રાથમિક શાળાનું ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું અદ્યતન સુવિધાવાળું મકાન તૈયાર કરવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ આ અવસરે આ મકાન માટે જે જગ્યા હતી તે ખૂબજ સંકડાશભરી હતીતેમ છતાં આ મકાન જે રીતે ડીઝાઈન કરવામાં આવ્યું તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાની અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને અભિનંદનઆપ્યા હતા.આ મકાન ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું, દરેક ફલોર પર પાંચ ઓરડા મળી કુલ ૨૦ ઓરડા, ફલોરીંગ મેટ ફીનીશ વિટ્રીફાઈડ ટાઈલ્સ/પોલીસ કોટા, કલર કામ તથા પાણીની ટાંકી અને ટેરેસ પર વોટર પ્રુફીંગ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી. ડી. બારીયાએ સ્વાગત પ્રવચન અને આભારવિધિ શાળાના શિક્ષિકા મીનાબેને કરી હતી. કાર્યક્રમમાં પારડી પ્રાંત અધિકારી અંકિત ગોહિલ, તાલુકાવિકાસ અધિકારી, મામલતદાર તેમજ શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

વર્ષ ૨૦૨૪ના વ્યારા વકીલ મંડળના હોદ્દેદારોની ચુંટણીનું પરિણામ જાહેર

કમલમ્ ન્યુઝ,

વ્યારા વકીલ મંડળના ચુંટણી કમિશ્નર એડવોકેટ મયુર એમ. પંચાલ પાસેથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૪ના વ્યારા વકીલ મંડળના વિવિધ હોદ્દેદારોમાટેતા. ૨૨મી ડિસેમ્બર-૨૦૨૩ના રોજ થયેલ ચુંટણીમાં જુદા જુદા હોદ્દા માટે ઉમેદવારી નોંધાવેલી હતીજેમાંથી પ્રમુખપદના ઉમેદવાર એડવોકેટ મુકેશભાઈ ગમનભાઈચૌધરીને ૫૫મત તથા એડવોકેટ ગણેશ ભગવાનદાસ ભોયને ૧૭ મત મળતા એડવોકેટ મુકેશભાઈ ગમનભાઈચૌધરી ૩૮ મતે વિજેતા જાહેર થયેલ છે. તથા ઉપપ્રમુખપદના ઉમેદવાર એડવોકેટ કુણાલ શિરીષ પ્રધાનને ૪૮ મત તથા એડવોકેટ કમલેશ વિનોદચંદ્ર ટેમકરનેરર મતમળતા એડવોકેટ કુણાલ શિરીષ પ્રધાન ૨૬ મતે વિજેતા જાહેર થયેલ છે.

તથા મંત્રીપદના ઉમેદવાર એડવોકેટ ગુંજન કુમાર ધનસુખભાઈ ઢીમરને ૫૫ મત તથા એડવોકેટ પુર્વેશભાઈ ગૌતમભાઈ ચૌધરીને ૧૭ મતમળતા એડવોકેટ ગુંજનકુમાર ધનસુખભાઈ ઢીમર ૩૮ મતે વિજેતા જાહેર થયેલ છે. તેમજ અભિષેક સુમનભાઈ ચૌધરી સહમંત્રીપદ માટે તથા દિવ્યા એલ. ચૌધરી ખજાનચી પદ માટે તથાપ્રિતિકાબેન અનિલભાઈ ગામીત લાયબ્રેરીયન તરીકે બિનહરીફ ચુંટણાયેલાજાહેર થયેલ છે.

વડોદરા જિલ્લાની સખી મંડળ નિર્મિત ફરસાણની બ્રાંડ રેવાના લોગોનું અનાવરણ કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

વડોદરા જિલ્લાના સ્વસહાય જૂથોના સશક્તિકરણ અને આર્થિક ઉપાર્જન માટે જિલ્લા વહીવટી તંત્રની અભિનવ પહેલ

વુડા વિસ્તારના ૮૧ ગામોમાં ડોર ટુ ડોર ઘન કચરાના એકત્રીકરણ અને વ્યવસ્થાપન પ્રોજેક્ટનો મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રારંભ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરાજિલ્લાના સ્વસહાય જૂથોના સશક્તિકરણ અને આર્થિક ઉપાર્જન માટે જિલ્લા વહીવટી તંત્રની અભિનવ પહેલ અંતર્ગત સખીમંડળો દ્વારાનિર્મિત ફરસાણ, નમકીનની બ્રાંડ રેવાના લોગોનું અનાવરણ કર્યુ છે. મહિલાઓને માઈક્રો આન્ત્રપ્રિન્યોર બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલા આહ્વાનને ઝીલતા જિલ્લાની સખી મંડળોની બહેનોદ્વારાનિર્મિત ગુણવત્તાયુક્ત અને સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થોને રેવા બ્રાંડહેઠળ વેચાણ કરવામાં આવશે. લોગોનું અનાવરણ કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, રેવાબ્રાંડમાં વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીનાવોકલ ફોર લોકલના આહ્વાન અને મહિલા સશક્તિકરણનો પડઘોઝીલાય છે. તેમણે ઉમેર્યું કે, આપણા સખી મંડળની મહિલાઓ દ્વારા રેવા બ્રાંડની બજારમાં વેચાણાર્થે મૂકાયેલા નમકીન અને ફરસાણને વધુમાં વધું લોકો ખરીદે તેવો સહિયારોપ્રયાસ કરવોપડશે. કારણ કે, રેવાનમકીન વાજબીભાવેઅને ગુણવત્તાયુક્ત છે. તેની તે ટૂંક સમયમાં લોકપ્રિય બનશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. રેવા એ રિજુવેનાઈટિંગ એન્ડ એમ્પાવરિંગ વીમેન્સ એસ્પિરેશન્સનું મિતાક્ષર છે. સખી મંડળની બહેનો દ્વારા બહુ જ પ્રેમભાવ અને મહેનતથી બનાવાતી વિવિધ વસ્તુઓ આરોગવામાં સ્વાદિષ્ટ અને ગુણવત્તાયુકત વસ્તુઓ તમને માંના હાથની રસોઈનીપ્રતીતિ કરાવેછે. પ્રારંભિક તબક્કામાં જિલ્લાના ૧૫ સખી મંડળની ૧૫૦થીવધુ મહિલાઓને આ ઉપક્રમમાં સાંકળવામાં આવી છે.

જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોથી આ સખી મંડળને ખાદ્ય પદાર્થોના પેકિંગ માટે નાઈટ્રોઝન ફિલિંગપેકેજિંગ મશીનબેંક લોનથી આપવામાં આવ્યું છે. એટલે ખાદ્યવસ્તુઓ તરોતાજા રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રવૃત્તિનો તબક્કાવાર વિસ્તાર કરી વધુ સખી મંડળો, મહિલાઓને જોડવામાં આવશે. મહિલાઓને માઈક્રો આન્ત્રપ્રિન્યોર બનાવવાની વડાપ્રધાનશ્રીની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં આ મહત્વપૂર્ણ કદમ છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરા જિલ્લા પંચાયતના વુડા વિસ્તારમાં આવતા વડોદરા ગ્રામ્ય, પાદરા અને વાઘોડિયા તાલુકાના ૮૧ ગામોમાંથી ઘનકચરાના નિકાલ માટેના પ્રોજેકટનોપ્રારંભ કરાવ્યો હતો. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આ પ્રોજેકટ હેઠળ વુડા વિસ્તારમાં આવતા ૮૧ ગામોની ૨.૭૬ લાખની વસ્તીને લાભ થશે. પ્રોજેકટ હેઠળ ડોર ટુ ડોર ઘનકચરાને એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવશે. આ માટે નિયત થયેલી સંસ્થા દ્વારા જૂનો કચરો પણ એકત્ર કરવામાં આવશે અને બાદમાં ત્રણ વર્ષ સુધી કામગીરી કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૧ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

આ વેળાએ વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, મેયર શ્રીમતી પિંકીબેન સોની, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડા, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, મનિષબેન વકીલ, કેતનભાઈ ઈનામદાર, શૈલેષભાઈ મહેતા, કેયુરભાઈ રોકડિયા, ચૈતન્યભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અગ્રણીઓ, પદાધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણા, કલેક્ટર શ્રી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, નગરસેવકોસહિત સખી મંડળની મહિલાઓ અને નગરજનો ઉપસ્થિતરહ્યા હતા.

ડીસા તાલુકા પંચાયત નવીન કચેરી નું ખાદ્ય મુહરત કરાયું

કમલમ્ ન્યુઝ,આનંદ ઠકકર ડીસા

ડીસા મામલતદાર કચેરી કમ્પાઉન્ડ માં તાલુકા પંચાયત કચેરી જર્જરિત હાલત માંથઈ હોવા થી નવીન કચેરી નું તેજ જગ્યા ઉપર ડીસા ના ધારા સભ્ય પ્રવીણ માળી ના હસ્તક રાખવા માં આવ્યું જેમાં પૂર્વ સાંસદ દિનેશ અનાવાડિયાપૂર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યાપૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સંજય બહાદુરસિંહ વાઘેલા સંજય બ્રહ્મભટ અમૃત દવે અશોક પટેલ શૈલેષરાયગોર વગેરે હાજર રહયા હતાઅને સરકારી કર્મચારીઓતાલુકા પંચાયતના હાજર રહ્યા હતા

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન નૂતન કોલેજ ઓફ નર્સિંગ દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્કશોપ ની અંદર પ્રેશર ઈન્જરી પ્રીવેન્શન બાબતે રજીસ્ટર નર્સ ઓસ્ટ્રેલિયા અદિતી આશિષ પટેલ એ માહિતી આપી હતી. જે બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ પ્રોવોસ્ટ પ્રો. (ડો). પી. એમ ઉદાણી સહિત એ પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણયમ સહિત નર્સિંગ વિભાગ ને શુભેચ્છા પાઠવી હતી.

ધારાસભ્ય શ્રી ડો.પાયલબેન કુકરાણીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ઉત્તરઝોનના નરોડા વોર્ડમાં વિકસિત ભારત પર્વ ઉજવાયું

કુલ બે કાર્યક્રમો અંતર્ગત ૧૩૮૫ લાભાર્થીઓને પીએમ જન આરોગ્ય યોજના અને ૮૪ લાભાર્થીઓને પીએમ ભારતીય જન ઔષધી પરિયોજના અંતર્ગત માહિતી/લાભો વિતરણ કરવામાં આવ્યા

૨૦૮ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ યોજના, ૮૦ લાભાર્થીઓને પીએમ ઉજ્જવલા યોજના, ૫૫ લાભાર્થીઓને પીએમ મુદ્રા લોન સહિત ૧૦૨ લાભાર્થીઓને સ્વચ્છ ભારત અભિયાન (અર્બન) અંતર્ગત સહાય વિતરણ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત અમદાવાદ શહેરમાં મ્યુનિ. કોર્પોરેશનના ઉત્તરઝોનના નરોડા વોર્ડમાં ધારાસભ્ય શ્રી ડોપાયલબેન કુકરાણીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ૨૨-૧૨-૨૦૨૩ ના રોજ વિકસિત ભારત રથના આગમન સાથે વિવિધ યોજનાના પ્રચાર પ્રસાર અને લાભોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. અર્બન હેલ્થ સેન્ટર, નરોડા ખાતે સવારે અને નેશનલ હેન્ડલૂમની પાછળબપોર બાદ વિકસિત ભારત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભો વિતરણ કરવામાંઆવ્યા હતા. આ ઉપરાંત, વિવિધજનકલ્યાણકારી યોજનાઓ અંગે નાગરિકોને માહિતગાર કરવામાં આવ્યા હતા તથા વિવિધ યોજનાઓ અંતર્ગતપાત્રતા ધરાવતા લાભાર્થીઓનું નામાંકન કરવામાં આવ્યું હતું. અંદાજિત ૨૭૧૫ જેટલા લોકો આ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. ઉપસ્થિત સૌ લોકોને વિકસિત ભારત સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. બન્ને કાર્યક્રમો અંતર્ગત ૧૩૮૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૨૦૮ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ યોજના, ૮૦લાભાર્થીઓને પીએમ ઉજજવલા યોજના, ૧૦૨ લાભાર્થીઓને સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), ૫૫ લાભાર્થીઓને પીએમ મુદ્રા લોન, ૬૦ લાભાર્થીઓને પીએમ વિશ્વકર્મા, ૭૬ લાભાર્થીઓને પીએમ ઈ-બસ સેવા, ૩૦ લાભાર્થીઓને ઉજાલા યોજના સહિત પીએમ ભારતીય જન ઔષધી પરિયોજના અંતર્ગત ૮૪ લાભાર્થીઓને લાભો/યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ૨૦૭ લાભાર્થીઓને આધાર કાર્ડ કઢાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. ખેલો ઈન્ડિયાઅંતર્ગત ૫૬ ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવામાંઆવ્યાં હતાં. ૧૭૭લોકોએ આપ્રસંગે યોજવામાં આવેલા આરોગ્ય ચકાસણી કેમ્પનો લાભ મેળવ્યો હતો.

જે અંતર્ગત નાગરિકોની ટી. બી., ડાયાબિટીસ, હાયપરટેન્શન જેવા રોગો માટે આરોગ્ય ચકાસણી અને સ્ક્રીનીંગ કરવામાંઆવ્યું હતું. આ પ્રસંગોએ કાઉન્સિલર શ્રીઓ સહિત ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી(ઉત્તર ઝોન) તેમજ મ્યુનિ. કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાહતા.

સરકારી વિજ્ઞાન કોલેજ, થરાદ ખાતે મિશન લાઈફ અંગે વ્યાખ્યાન યોજાયુ

કમલમ્ ન્યુઝ,

થરાદ પંથકની સરકારી વિજ્ઞાન કોલેજ, થરાદમાં ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (ગેડા) અને ગુજરાત નોલેજ સોસાયટી (GKS) ની પ્રેરણા થકી મિશન લાઈફ બાબતે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે પ્રો ડૉ નિહાર નિમ્બાર્કે ખુબજ રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન આપ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાયા હતા. પ્રિ ડૉ જગદીશ એચ પ્રજાપતિના માર્ગદર્શનમાં આયોજિત કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમ સંયોજક ડો નિહાર નિમ્બાર્કએ વિષયનીભૂમિકાઆપી હતી. પ્રિ. ડો. જગદીશ એચ. પ્રજાપતિએ પ્રાસંગિક પ્રવચનમાં ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જના ભયસ્થાનો બતાવી પર્યાવરણનું જતન કરવા જણાવ્યું હતું. સાથોસાથ તેઓએ ઊર્જા અને પાણીનો બચાવ કરવા તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બચવા કૃતનિશ્ચયી થવા આહ્વાન કર્યુ હતું. મુખ્ય વક્તા અને પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. નિહાર નિમ્બાર્કે મિશન લાઈફ પર પ્રેઝન્ટેશન થકી છ આયામો બાબતે ઝીણવટપૂર્વક સમજ આપી હતી. તેઓએ ગ્રીન હાઉસ અસર અને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડની વિઘાતક અસરો બાબતે પ્રકાશ પાડ્યો હતો. આ માટે જીવન શૈલીમાં સુધારો કરી કેટલીક ખોટી આદતો સુધારવા અનુરોધ કર્યો હતો. તેઓએ વ્યાખ્યાનમાં પાણીનો બચાવ, ઉર્જા બચત, ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ, એલઈડી બલ્બનો ઉપયોગ, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ, તંદુરસ્ત જીવનશૈલીના ઉપાયો, સી.એન.જી. વાહનોનો ઉપયોગ, પ્રદુષણ નિયંત્રણ, જરૂર ન હોય ત્યારે વિદ્યુત ઉપકરણો બંધ રાખવા, વરસાદી પાણીનો સંગ્રહ, ખેતીમાં ફુવારા પધ્ધતિ અને ટપક પદ્ધતિનો ઉપયોગ, ઘરમાં ટપકતા નળ સરખા કરવા, કચરાનો યોગ્ય નિકાલ કરવો, લીથીયમ બેટરીનો ઉપયોગ વગેરે બાબતે ખુબ જ ઉપયોગી સમજણ આપી હતી. અંતે મિશન લાઈફ અંતર્ગત સૌએ પર્યાવરણ જતન માટે શપથ લીધા હતા. આ પ્રસંગે વિધ્યાર્થીઓએ પર્યાવરણની જાળવણી માટે પોસ્ટર પ્રદર્શન કર્યું હતું. ડો. રાજેશ મારુએ આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ઉદ્ઘોષક તરીકે સેમ ૧ની વિદ્યાર્થિની કુ.ચેતના માળીએ ફરજ બજાવી હતી.

ભીલાડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂા. ૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલા એસ. એન. સી. યુ. સેન્ટરને ખુલ્લું મૂકતા રાજ્યના નાણાં, ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો પ્રયાસઃ- વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી દેશનો પ્રત્યેક નાગરિક સરકારની યોજનાઓથી વંચિત ન રહે — મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ સામૂહિકઆરોગ્ય કેન્દ્ર ખાતે નાના બાળકો માટે રૂા. ૪૦લાખના ખર્ચે તૈયાર થયેલા એસ. એન. સી. યુ. સેન્ટરને રાજયના નાણાં, ઊર્જા અને પ્રટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ભીલાડ અને આજુબાજુના ગામોના ગ્રામ્યજનો માટે ખુલ્લું મૂકયું હતું. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો એવો પ્રયાસ છે કે, દેશનો પ્રત્યેક નાગરિક સરકારનીજે યોજનાઓ છે તેનાલાભથીવંચિત નરહે એના માટે દેશભરમાં વિકસિત ભારત સંકલ્પયાત્રાશરૂ કરીછે એના સારા પરિણામો મળી રહયા છે. બીજા રાજયમાં આ યાત્રાનો વરઘોડાની જેમ સત્કાર કરવામાં આવે છે. ગુજરાતમાં પણ આ યાત્રાથી લાભાર્થીઓને તેમના લાભો મળી રહયાછે. વધુમાંમંત્રીશ્રીએ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત અને ૨૦૨૭ સુધીમાં દેશના અર્થતંત્રને વિશ્વમાં ત્રીજા નંબરે લઈ જવાના ધ્યેય સાથે દેશનો વિકાસ કરી રહયા છે ત્યારે દેશના વિકાસમાં સૌ નાગરિકોને જોડાવવા અનુરોધકર્યો હતો. મંત્રીશ્રીએ આ પ્રસંગે વાપી ખાતે ૧૨૫ બેડની મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ તૈયાર થઈ રહી છે અને તે ડિસેમ્બરના અંતમાં તૈયાર થશે. ઉમરગામખાતે આવીજ હોસ્પિટલ તૈયાર કરવા માટે ઉમરગામના ધારાસભ્યશ્રીરમણલાલ પાટકરની માંગણી સંદર્ભે તેમના તરફથી ઉમરગામ તાલુકાનીઆઠ લાખની વસતી માટે જરૂરી હોસ્પિટલની મંજૂરી માટે બાહેંધરી આપી હતી.સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ વલસાડ જિલ્લાપંચાયતની ૧૫માં નાણાપંચની રૂ. ૪૦ લાખની ગ્રાંટ માંથી તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ૬ ઈન્ફન્ટ વોર્મર, ૩ ફોટોથેરાપીયુનિટ, ૬ સિરીંજ પંપ, ૩ પલ્સ ઓકસીમીટર, ૨ મલ્ટી પેરા મોનીટર, ૧ ઈસીજી મશીન, ૧ સીપીએપી બબલ મશીન, ૧ વોશીંગ મશીન, ૧ લેરિન્ગોસ્કોપ, ૧ સકશન પંપ ફુટ ઓપરેટેડ, ૩ સકશન પંપઈલેક્ટ્રીક, ફ્રીઝ,૭ અંબુ બેગ અને કમ્પ્યુટર પ્રિન્ટર સેટની સુવિધા પણ આપવામાં આવી છે. અહીં નિષ્ણાંત તબીબો દ્વારા ઉચ્ચ કક્ષાની આરોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં આવશે. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલપાટકરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

આ પ્રોજેક્ટની રૂપરેખા જિલ્લા વિકાસઅધિકારીશ્રી મનીષ ગુરવાનીએ આપી હતી. આભાર વિધિ ભીલાડ સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. નેહલ પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના માજી પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહ, જિલ્લા પંચાયત બાંધકામ સમિતના ચેરમેન ભરતભાઈ જાદવ, પારડી પ્રાંત અધિકારી અંકિત ગોહિલ, જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. કે. પી. પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વિપુલ ગામીત, તાલુકા હેલ્થ ઓફિસર રૂપેશ ગોહિલ તેમજ સી.એચ. સી. ના આરોગ્ય કર્મચારીઓ હાજર રહયા હતા.

પારડી તાલુકાના પલસાણા ખાતે રૂા. ૧૪ લાખના ખર્ચે તૈયાર થયેલા ગ્રામપંચાયત ભવનને ખુલ્લું મૂકતા રાજ્યના નાણાં, ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

પારડી તાલુકાના પલસાણા ખાતે રૂા. ૧૪ લાખના ખર્ચે તૈયાર થયેલા ગ્રામપંચાયત ભવનના મકાનને પલસાણા ગામના લોકો માટે રાજયના નાણાં, ઊર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ખુલ્લુ મૂકયુ હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પંચાયત એ મીની સચિવાલય છે સરકારના દરેકે દરેક કામો ગ્રામ પંચાયત કરતી હોય ત્યારે આવા સચિવાલયની જરૂર પડે છે. આ પંચાયતનું મકાન સંપૂર્ણ રીતે મનરેગામાંથી તૈયાર કરવામાં આવ્યું છે તે બદલ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાનીને અભિનંદન આપ્યાહતા. મંત્રીશ્રીએ જિલ્લાના વિકાસના કામો માટે જિલ્લા વહીવટીતંત્રનોફાળો અનેરો છે એમકહી શકાય એમ જણાવતા કહયુંહતું કે, તંત્ર જેટલુજાગતું હોય, જેટલાસરપંચ સભ્ય જાગૃત હોય, જેટલા તાલુકા પંચાયતના પ્રમુખો, સભ્યો પણ જાગૃત હોય તો વિકાસના કામો ૧૦૦ ટકા થશે જ માટે સૌને આ વેળા વિકાસના કામમાં સહભાગી થવા મંત્રીશ્રીએ ટકોર કરી હતી. સરપંચો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓને તેમની ફરજો અદા કરવા અને લોકોને સરકારી યોજનાઓનો લાભ મળે તેવા પ્રયાસો કરવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાનીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, આજે ૩૫ મી ગ્રામપંચાયત ભવનનું ઉદ્ઘાટન કરવામાંઆવી રહયું છે જે તમામ મનરેગા અને જિલ્લા પંચાયતની અન્ય ગ્રાન્ટ માંથી કરવામાં આવ્યું છે. પલસાણાનું ગ્રામપંચાયત ભવન જર્જરીત થતા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરીયોજના હેઠળ રૂ. ૧૪ લાખના ખર્ચે નવુ ગ્રામ પંચાયત બનાવવામાં આવ્યું છે. જેનાદ્વારા ૫૪૦દિવસમાનવદિન રોજગારી પણ ઉત્પન્ન થઈ હતી. આ કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમમાં આભારવિધિ તાલુકા પંચાયત પારડીનામદદનીશ તાલુકા વિકાસ અધિકારીહારૂનભાઈ સૈયદે કર્યુ હતું. કાર્યક્રમમાંપારડી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશભાઈ પટેલ, પારડી પ્રાંત અધિકારી અંકિત ગોહિલ, તાલુકા વિકાસ અધિકારી તેમજ ગ્રામપંચાયતના સરપંચ તેમજ ગ્રામપંચાયતના સદસ્યોઅને ગ્રામ્યજનો હાજર રહયાહતા.

વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી.કે.મિશ્રાના અધ્યક્ષસ્થાને ગાંધીનગરના શાહપુર ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો

શાળાના બાળકોએ પ્રાકૃતિક ખેતીની સાથે જળ, જમીન અને જંગલ સહિતના પ્રાકૃતિક તત્વોના સંરક્ષણ માટેનો સંદેશ આપ્યો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,

ગાંધીનગર તાલુકાના શાહપુર ગામે વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી.કે.મિશ્રાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અગ્ર સચિવશ્રી,મહાનુભાવો, ગ્રામજનો અને શાળાનીબાળાઓએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરાયા બાદ ખેતીમાં રાસાયણિક ખાતરોના બેફામ વપરાશ ઘટાડવા માટે અને ધરતીને પ્રદુષણ મુક્ત બનાવવાની જાગૃતિ માટે 'ધરતી કહે પુકાર કે' નાટક રજૂ કરાયું હતું. પ્રાકૃતિક ખેતીની સાથે જળ, જમીન અને જંગલ સહિતના પ્રાકૃતિક તત્વોના સંરક્ષણ માટેનો સંદેશ પણ આપ્યો હતો. ગાંધીનગરજિલ્લાના શાહપુર ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવીપહોંચતા પ્રધાનમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી પી. કે. મિશ્રાએ યાત્રાનું સ્વાગતકર્યું હતું.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથીજનહિતલક્ષી યોજનાના લાભથી એકપણ વ્યક્તિ વંચિત ન રહે તેવી સંતૃપ્ત સ્થિતિના નિર્માણનો સંકલ્પ લીધો છે. પ્રધાનમંત્રીશ્રી એ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે આહવાન કર્યું છે, ત્યારે સૌના સાથ થી આ સંકલ્પની સિદ્ધિ માટે પુરુષાર્થ કરીએ. તેમણે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સરકારની પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓથી માહિતગાર થવાના માધ્યમરૂપ ગણાવી હતી. શ્રી પી. કે. મિશ્રાએ ગામના સરપંચ તેમજ ખેડૂતો અને યોજનાના લાભાર્થીઓ સાથે પરામર્શ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત શાહપુર ગામના નિશા અનિલભાઈ વાળંદે પોષણ પૂર્ણ યોજના, કૈલાશબેન હિમાંશુસિહ સોલંકીએ સખી મંડળ યોજના, જ્યોત્સનાબેન રમેશભાઈ દરજીએ પ્રધાનમંત્રીજન આરોગ્ય કાર્ડ અને ચીમનભાઈ પટેલે સોઈલહેલ્થ કાર્ડ અંગે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આયુષ્યમાન કાર્ડ, ઉજ્જવલા, સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભાન્વિત કરાયા હતા. આ કાર્યક્રમમાં વિકસિતભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ઓન ધ સ્પોટ ક્વિઝના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાહપુર ગ્રામપંચાયતને 'હર ઘર જલ' અને ૧૦૦ ટકા ઓ.ડી.એફ.માટેનું સન્માનપત્ર સરપંચ શ્રી અર્પિત હસમુખભાઈ પટેલને અર્પણ કરવામાંઆવ્યું હતું. વધુમાં ગામના સ્વસ્થ બાળકને પ્રમાણપત્ર તેમજ કીટવિતરણ કરાયુંહતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવા માટે પોતાનું યોગદાન આપવા માટે શપથ લીધા હતા. આ પ્રસંગે જિલ્લાપંચાયતની આરોગ્ય, ખેતી,શિક્ષણ, વગેરે શાખાઓ દ્વારા વિવિધ ૧૭ કલ્યાણકારી યોજનાઓના સ્ટોલ ઉભા કરાયા હતા. આ તમામ સ્ટોલોની મુલાકાત વડાપ્રધાન શ્રી ના અગ્ર સચિવશ્રી પી.કે મિશ્રા સાહેબે લીધી હતી તેમજ સ્ટોલ ઉપર ઉભેલા વ્યક્તિઓ પાસેથી વિવિધ યોજનાઓની માહિતી પણ મેળવી હતી. જેનો ગ્રામજનોએ બહોળો લાભ લીધો હતો. બાદમાં અગ્ર સચિવશ્રીસહિત મહાનુભાવો અને ગ્રામજનોએ ખેતરમાં ડ્રોન નિદર્શન નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશઠાકોર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ ના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભી ગૌતમ, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી રંજનબેન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.કે.પટેલ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનની સ્ટેશન સલાહકાર સમિતિમાં સભ્યોની નિમણુક કરાઇ

યાત્રી સબંધિત તેમજ પાર્સલ અને સામાનના હેરફેર માટે બુકિંગ અને વ્યવસ્થાપન સુવિધાઓ સુવ્યવસ્થિત રીતે કાર્યરત રહે તે દિશામાં સમિતિ કાર્ય કરશે.

કમલમ્ ન્યુઝ,

ભારતીય રેલવે દ્વારા ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનની સ્ટેશન સલાહકાર સમિતિમાં વિજયભાઈ શાહ, શિરીશભાઈ મોદી, મુકેશભાઈ પુરોહિત, સુનિલભાઈ દેસાઈ તથાઅમિતભાઈ પટેલનીનિમણુક કરવામાં આવી છે. સ્ટેશન સલાહકાર સમિતિ ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન પર યાત્રી સબંધિત સુવિધાઓ, પાર્સલ અને સામાનના હેરફેર માટે બુકિંગ અને વ્યવસ્થાપન સુવિધાઓ અંગે અને સ્ટેશનની કામગીરી સુવ્યવસ્થિત રીતેકાર્યરત રહે તે દિશામાં કાર્ય કરશે. શહેર ભાજપપ્રમુખ શ્રી ઋચિર ભટ્ટે નિમણુક પામનાર દરેકને શુભેચ્છાઓ પાઠવી છે.

માણસા તાલુકાના લોદરા ખાતે યોજાયેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમનો શુભારંભ કરાવતા માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ

કમલમ્ ન્યુઝ,

દરેક જરૂરિયાતમંદ નાગરિક સુધીસરકારશ્રીની વિવિધ યોજનાના લાભો પહોંચાડી તેમને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરી શકાય તેવા હેતુથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત ગામોગામ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવીરહ્યું છે. માણસા તાલુકાના લોદરા ખાતે માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે. એસ.પટેલ ની હાજરીમાં યોજાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, જાણકારીના અભાવે છેવાડાના માનવી સુધી યોજનાઓનો લાભ પહોંચતો ન હોય તો તેમના સુધી જઈને યોજનાનો લાભ આપવા માટે આ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" યોજવામાં આવી રહી છે. કોઈને આધારે રહેવું ન પડે અને તમામ નાગરિકો સ્વમાનભેરજીવન જીવી શકે અને આત્મનિર્ભર બને તે માટે સરકારશ્રી દ્વારાવિવિધ યોજનાઓ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી રહીછે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને ત્રણે વખત પાકના વાવેતર માટે મદદરૂપ થવા સહાય રકમ ત્રણ હપ્તામાં ખેડૂતોને સીધી તેમના ખાતામાં જમા આપવામાં આવે છે. ગરીબ પરિવારોને માંદગી કે અકસ્માત વખતેવ્યાજે પૈસા લેવાન પડે કે કોઈ આગળ હાથ લંબાવવો ન પડે તે માટે આયુષ્માન કાર્ડ અંતર્ગત ૧૦ લાખસુધીની નિઃશુલ્કસારવાર પૂરી પાડવામાંઆવે છે. ગરીબ કલ્યાણ અન્ન યોજનાદ્વારા જરૂરિયાતમંદોને વિના મૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવી રહ્યુંછે. બાળકીઓઅને ધાત્રી માતાઓના પોષણ માટે સરકાર પોષણ કીટ પૂરી પાડી રહી છે. આ ઉપરાંત તેમણે આગેવાનો તેમજ અધિકારીઓને જરૂરિયાતમંદ લોકોને શોધી તેમને યોજનાઓનો લાભ અપાવવા અપીલ કરી હતી. માણસા તાલુકાના લોદરા ખાતે માણસા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે. એસ.પટેલ ની હાજરીમાં તેમજ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ 'મેરી કહાની મેરી જુબાની' અંતર્ગત પોતાને મળેલ લાભનીરજૂઆત કરી હતી આપ્રસંગે મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સરકાર ના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામીણ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ ગુણસદા ગામે રાષ્ટ્રીય સ્વયમ સેવ ના નવસારી વિભાગ સહ કરીયવાહ નથી મુલાકાત લીધી. જેમા સરપંચ તેમજ જીલ્લા પંચાયત તાલુકા પંચાયતના ના સભ્યોએ હાજરી આપી હતી.



કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે પોરબંદર ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મસ્થાન ''કીર્તિમંદિર'' ની મુલાકાત લેવાનો અલૌકિક અવસર પ્રાપ્ત થયો, ત્યારે મ્યુઝિયમમાં ગાંધીજીની વિવિધ જીવનપ્રસંગોની સાક્ષી પુરતી છબીના દર્શન કરવા સાથે બાપુ' ના જીવન પ્રસંગોનું સ્મરણ કરી, પ્રેરણા મેળવી. સાથે જિલ્લાના કલેક્ટરશ્રી લખાણી સાહેબ તથા અન્ય અધિકારીશ્રી હાજર રહ્યા હતા. ઉપરાંત, કીર્તિમંદિર વહીવટી સમિતિ દ્વારા ચરખો આપી મંત્રીશ્રી નું સન્માન કર્યું તે બદલ મંત્રીશ્રી એ તેમનો આભાર માન્યો.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે પોરબંદર સર્કિટ હાઉસ ખાતે હંમેશા પાર્ટી માટે સમર્પિત ભાવથી કામ કરતા પોરબંદર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી રમેશભાઈ તથા જિલ્લાના અન્ય સંગઠનના હોદ્દેદારશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી. ત્યારબાદ ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી બાબુભાઇ બોખરીયાના નિવાસ સ્થાને પણ શુભેચ્છા મુલાકાત લઈ પ્રવાસીઓના આકર્ષણ નું કેન્દ્ર એવા પોરબંદરના દરિયાકાંઠે કુદરતી સૌંદર્યમાં હળવાશની પળો માણી.

કમલમ્ ન્યુઝ,

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને અને માન. કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા સાહેબ અને માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં ભરૂચ ખાતે પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ "ફ્યુચરકેમ ગુજરાત" સમિટનો શુભારંભ થયો સાથે જ ફ્યુચરકેમ ગુજરાતઃશેપિંગ ટુમોરોઝ કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ ઇન્ડસ્ટ્રી' થીમ પર ચર્ચા કરાઈ. આ પ્રસંગે સાથી મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ મનસુખભાઈ વસાવા, મુખ્ય સચિવ - શ્રી રાજકુમારજી, શ્રી પંકજ જોષી - મુખ્યમંત્રીશ્રી ના અધિક મુખ્ય સચિવ & મેનેજિંગ ડાયરેક્ટર GNFC, શ્રીમતી મમતા વર્મા - અગ્ર સચિવ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, શ્રી આનંદ દેસાઈ - પૂર્વ પ્રમુખ સી.આઇ.આઇ, અને મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના ભોડદર ખાતે સમગ્ર શિક્ષા અંતર્ગત બાંધવામાં આવેલ શ્રી ભોડદર પે.સેન્ટર શાળાના નવીન બિલ્ડીંગનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે સાથે રાજ્યસભાના સંસદ સભ્યશ્રી રામભાઈ મોકરિયા,પોરબંદર લોકસભાના સંસદશ્રી રમેશભાઈ ધડુક,પોરબંદર જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી પરબતભાઇ પરમાર,કુતિયાણાના ધારાસભ્યશ્રી કાંધલભાઈ જાડેજા જિલ્લા પંચાયત ના પ્રમુખશ્રી, તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી,ડી.ડી.ઓશ્રી, ટી.ડી.ઓશ્રી, સરપંચ શ્રી, તથા અન્ય હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે રાણાવાવ તાલુકાના ભોડદર પ્રાથમિક શાળા ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો

કમલમ્ ન્યુઝ,

કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ થાયઅને તેની જન જાગૃતિ માટે આજ રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે રાણાવાવ તાલુકાના ભોડદર પ્રાથમિક શાળા ખાતે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં વિવિધ મહાનુભાવો સાથે ઉપસ્થિત રહીને સૌ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો,દેશ અને રાજ્યનેઆત્મનિર્ભર બનાવવાના શપથ લીધા.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ભારતભરમાં આર્થિક અને સામાજિક રીતે છેવાડાના વ્યક્તિને સમાજની મુખ્યધારામાં જોડાવામાટેનું આશ્રેષ્ઠ આયોજન છે. આ અન્વયે પી.એમ.સ્વનિધિ યોજના, પી.એમ.વિશ્વકર્મા યોજના,આયુષ્યમાન કાર્ડ,ઝુંપડા વીજળીકરણ યોજના,પી.એમ.મુદ્રા લોન જેવી વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યો. આ પ્રસંગે સાથે રાજ્યસભાના સંસદ સભ્યશ્રી રામભાઈ મોકરિયા,પોરબંદર લોકસભાના સંસદશ્રી રમેશભાઈ ધડુક,પોરબંદરજિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી પરબતભાઈ પરમાર, કુતિયાણાના ધારાસભ્યશ્રી કાંધલભાઈ જાડેજાજિલ્લા પંચાયત ના પ્રમુખશ્રી, તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી,ડી ડી ઓ શ્રી, ટી ડી ઓ શ્રી,સરપંચ શ્રી,તથા અન્ય હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિતરહ્યાહતા.

આણંદ જિલ્લાની પેટલાદ વિધાનસભાના પેટલાદ શહેરમાં આયોજિત વિકાસ ભારત સંકલ્પ યાત્રાકાર્યક્રમમાંસાંસદ મિતેશભાઈ પટેલ હાજરીઆપી

કમલમ્ ન્યુઝ,

આણંદ જિલ્લાની પેટલાદ વિધાનસભાના પેટલાદ શહેરમાં આયોજિત વિકાસ ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાંસાંસદ મિતેશભાઈપટેલ, જિલ્લાપ્રમુખ શ્રીરાજેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી કલમેશભાઈ પટેલે હાજરી આપી સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવા અને તેમાં જાગૃતિ કેળવવાના શુભ આશય સાથે આણંદ જિલ્લાની પેટલાદ વિધાનસભાની પેટલાદ શહેરમાં આયોજીત વિકાસ ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાંહાજરી આપીહતી. અને સરકારની વિવિધકલ્યાણકારી યોજનાઓવિશે માહિતીઆપી હતી. તે પ્રસંગે જિલ્લા મહામંત્રી શ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, શ્રી રણજીતસિંહ ચૌહાણ, પેટલાદ નગરપાલિકાપ્રમુખ શ્રીજીજ્ઞેશભાઈ જોષી, ઉપપ્રમુખ શ્રીમનીષાબેન ચૌહાણ, ઉદ્યોગપતિ ચેરમેનશ્રી જયભાઈ પટેલ,જીલ્લા ઉપપ્રમુખ શ્રી. હેમંતભાઈપટેલ, જિલ્લામંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ મિસ્ત્રી, શહેર પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ પરીખ, પ્રાંત અધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિતરહ્યા હતા.

કામરેજ તાલુકાના વાવ ખાતે રૂ.૯.૨૮ કરોડના ખર્ચે નિર્મિત થયેલા પોલીસ વિભાગના બિનરહેણાંક મકાનોનું લોકાર્પણ કરતા શિક્ષણરાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

દેશના યુવાનો તેજસ્વી અને ઓજસ્વી બનીને વિકસિત ભારતના સંકલ્પને સાકારિત કરે માટે સરકાર કટિબદ્ધ : શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧૧ માટે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના વાવ ખાતે રૂ.૯.૨૮ કરોડનાખર્ચેનવનિર્મિત બિનરહેણાંક મકાનોનું લોકાર્પણ શિક્ષણરાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કર્યું હતું.

પોલીસ જવાનોને વધુ સુવિધાઓ મળી રહે તે માટે રૂ.૯.૨૮ કરોડના ખર્ચે બિન રહેણાંક મકાનોમાં લાઈબ્રેરી, આંગણવાડી, શોપીંગ સેન્ટર, ગાર્ડ અને ડ્યુટી રૂમ, બેન્ડ સ્ટોર, કોટ રૂમનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર, સમાજ અને સંસ્કૃતિને સમૃધ્ધ રાખવા માટે સારા વિચારો જરૂરી છે. એસ.આર.પી.એ ગુજરાતની આર્મીની ફોર્સ છે. રાષ્ટ્રના યુવાનો તેજસ્વી અને ઓજસ્વી બનીને રાષ્ટ્ર નવી ઉંચાઈઓના શિખરોસર કરે તેમાટે સરકાર તમામપ્રયાસો કરીરહીછે. ભગવત ગીતા વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન મળી શકે તેવા આશયથી ધો.૬ થી ૮ના અભ્યાસમાં સિલેબસ દાખલ કરવામાં આવ્યો હોવાની વિગતોતેમણે આપી હતી. આ અવસરે હથિયારી એકમો વડોદરાના પોલીસ મહાનિરીક્ષક ડી.એચ.પરમારે કેમ્પસને નયનરમ્ય બનાવવામાટે પરિશ્રમ કરનારા પોલીસ જવાનોને અભિનંદન પાઠવતાકહ્યુંકે, પોલીસ જવાનોના શારીરિક અને માનસિક વિકાસથાય તેમાટે રાજ્ય સરકારે સક્રિયતા દાખવી સુવિધાયુકત આવાસોના નિર્માણની સાથે અન્ય સુવિધાઓ પણ આપી છે. એસ.આર.પી. વાવ ખાતે આપદા મિત્રોને તાલીમઆપવામાં આવે છે તથા ત્રણ ગામોને દત્તક લઈને ગામના યુવાનોને તાલીમ આપીને પોલીસ સેવામાં જોડવાનુ કાર્ય થઈ રહ્યું હોવાીન વિગતો આપી હતી. આ પ્રસંગે સ્વાગત પ્રવચન ડ્ઢઅજૅ શ્રી કે. વી. પરીખ તથા આભારવિધિ એચ.જે.આચાર્યએઆટોપી હતી. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન ભારતીબેનરાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી રેખાબેન, Dysp શ્રી એ. એમ.પટેલ, અગ્રણીશ્રી બળવંતભાઈ, હર્ષદભાઈ, સુમનબેન, તેજલબેન, પુષ્પાબેન તેમજ મોટી સંખ્યામાં પોલીસ જવાનોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉનાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ના અધ્યક્ષસ્થાને મીટીંગ મળી

કમલમ્ ન્યુઝ,

હાલમાં ચાલી રહેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રા તથા સરકાર શ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ અને ગામડાઓમા સફાઈ સહીત ની બાબતો ને ધ્યાને ઉના નાં ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડે ઉના તથા ગીરગઢડા તાલુકા ની એક સંયુકત મીટીંગ નુ આયોજન આજરોજ ઉના નગરપાલિકા ના ટાઉન હોલ ખાતે યોજાયેલ હતું.આ મીટીંગ માં ઉપસ્થિત બંને તાલુકા ના સરપંચ શ્રી ઓ, તાલુકા પંચાયત ના સદસ્યશ્રીઓ તથા જિલ્લા પંચાયત ના સદસ્યશ્રી ઓ તથા બંને મંડળ નાં હોદેદારો ને સંબોધતા ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, સમાજ નાં દરેક વર્ગના ઉત્થાન માટે સરકાર શ્રી ની ૨૦ થી વધુ લોક કલ્યાણ કારી યોજનાઓ હાલ કાર્યરત છે ત્યારે દરેક હોદેદારો એ જાગૃત થય ને આયોજનાનો લાભ ગામડા ના છેવાડા ના નાગરીકો સરળતાથી લય શકે તેમાટે આપણે સૌ એ સક્રિય પ્રયાસો હાથ ધરવા પડશે તેમણે ગામડામાં રોડ પર બીન જરૂરી પાણી નાં વહેવા પર નારાજગી વ્યકત કરી આવા પાણી થીગામતળ ના રોડ તોખરાબ થાય જ છેપરંતુ ગંદકી ફેલાવાથી લોકોમા રોગચાળો ફેલાવા ની વાત કરી આ બાબતે સરપંચશ્રી ઓ તથા આગેવાનો એ ગંભીરતાપૂર્વક લય ને યોગ્ય અને ત્વરિત કાર્યવાહી કરવાની ની અપીલ કરી હતી, આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન ના કાર્યકર્મો તથા કામગીરી માટે સૌ ને સક્રિય થવા હાકલ કરી હતી.આ મીટીંગમાં ઉના, ગીરગઢડા તાલુકા ના સરપંચશ્રી, તાલુકાપંચાયત ના સદસ્યશ્રીઓ, જીલ્લા પંચાયત ના સદસ્યશ્રી ઓઅને બંનેસંગઠન ના હોદેદારો ની બહોળી હાજરી હતી.મીટીગપૂર્ણ થયાંબાદ ભોજન ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.કાર્યક્રમ નું સંચાલન ઉના નગરપાલિકા નાકારોબારી સમિતિ ના ચેરમેન શ્રી ધીરુભાઈ છગ એ કર્યું હતું.શ્રી કાળુભાઈ રાઠોડ ધારાસભ્ય શ્રીતરીકે ચુંટાયા ને એક વર્ષ પૂર્ણ અને એક વર્ષ નાં ટુંકા ગાળામાં જ ઉના તથા ગીરગઢડા તાલુકા માંકરોડોરૂપિયા નાં વિકાસ કામો મંજૂર કરાવ્યાં છે ત્યારે આજની મીટીંગ માં ઉના તાલુકા ભાજપના પ્રમુખ શ્રી બાબુભાઈ ચૌહાણ તથા ગીરગઢડા તાલુકા ભાજપના પ્રમુખ શ્રી કાળુભાઈ રૂપાલાતેમજ ઉનાતાલુકા પંચાયત પ્રમુખ શ્રી અભાભાઈ મકવાણા તથા ગીરગઢડાતાલુકા પંચાયત ના પ્રમુખશ્રી પ્રવિણભાઈ સાખટ દ્વારા ધારાસભ્ય શ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.ગીરગઢડા તાલુકા ના ઈટવાયા ગામ નાં સરપંચશ્રી કનુભાઈ ગરધરીયાઆજે વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડે તેઓ નું પુષપહાર થી સ્વાગત કરી ભાજપામાં આવકાર્યા હતા. આ પ્રસંગે જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શ્રી રાજુભાઈ ડાભી જીલ્લા યુવા મોરચા ના પ્રમુખ શ્રી હિતેષભાઈ ઓઝા જીલ્લા પંચાયત ના કારોબારી સમિતિ ના ચેરમેન શ્રી ડાયાભાઈ જાલોન્ધ્રા, સિંચાઈ સમિતિના ચેરમેન શ્રી લખનભાઈ બાભણીયા, શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રી પ્રકાશભાઈ ટાંક,આરોગ્ય સમિતિ ના ચેરમેન શ્રી નરેશભાઈ ત્રાપસીયા,ઉના તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી અભાભાઈ મકવાણા, ગીરગઢડા તાલુકા પંચાયત ના પ્રમુખ નાં પ્રતિનિધિ શ્રી પ્રવીણભાઈ સાખટ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028